# ટીન ટીન, ટુન ટુન

અડુકિયો અને દડુકિયો મોજમાં આવી ગયા. ઉનાળો આવ્યો અને શાળામાં રજાઓ પડી. રજાઓમાં નવરાધૂપ થઈને કરવું શું? રમે છે અને દોડાદોડી કરે છે. બાપુજી માળવા ગયા હતા.

આ વાતનો બંને ભાઈ વિચાર કરે છે.

દડુકિયો કહેઃ બાપુજી માળવા ગયા છે. ત્યાંથી પાછા આવે કે તરત આપણે હિમાલયનો પ્રવાસ કરવાનું કહીશું.

અડુકિયો બોલ્યોઃ “અલ્યા હા, એ વાત મઝાની છે. આ વેળા કાંગડા અને ઉલુકૂલુમાં જઈશું. ત્યાં બાણગંગાને કિનારે ફરવાની ભારે મઝા છે.”

આવા આવા વિચારો કરે છે ત્યાં બાપુજી માળવાથી પાછા આવી ગયા અને સાથે બે ઘોડા લેતા આવ્યા.




આહાહાહા! શું રૂપાળા ઘોડા છે!

ધોળો રૂ જેવો સફેદ રંગ છે. કાન લાલ રંગના છે. કપાળમાં લાલ રંગના વાળનું લાંબું ટીલું છે. ગોઠણ સુધી પગે લાલ રંગની રુવાંટી છે...

તેને જોતાં જ અડુકિયો અને દડુકિયો આનંદથી નાચી ઊઠ્યા.

ઘોડા નાનકડા છે.

દડુકિયો બોલી ઊઠ્યો: "બાપુજી! અમારા માટે જ આ ઘોડા લાવ્યા છોને? મારો ઘોડો કયો?"



બાપુજી કહે : "તમારા માટે જ આવા ઘોડા હોય. હું એની ઉપર બેસું તો મારા પગ ભૂમિ ઉપર ઘસડાય."

દડુકિયો બોલ્યો : "આવા સુંદર અને રૂપાળા ઘોડા મળ્યા ક્યાંથી?"

બાપુજી કહે : "આવા એકસરખા રૂપરંગના ઘોડા ક્યાંય મળે જ નહીં. પણ એક સોદાગર ઉજ્જૈનથી આવ્યો હતો. તેની પાસે આ બે ઘોડા મેં જોયા અને તમારા માટે ખરીદી લીધા."

દડુકિયો કહે: "તો આમાં મારો ઘોડો કયો?"

અડુકિયો કહે : "બંને સરખા છે. તારે જોઈએ તે તું લઈ લે."

બાપુજી બોલ્યા : "એમ નહીં. દડુકિયા માટે જે ઘોડો છે તેનું નામ ટીન ટીન છે. એ નામથી બોલાવશે કે તરત તે તેની પાસે આવીને ઊભો રહેશે."

તરત જ દડુકિયો બોલ્યોઃ “ઓ ભાઈ ટીન ટીન...”

આ બોલ સાંભળતાં જ એક ઘોડો જરા હણેણીને દડુકિયા પાસે આવી ગયો.


દડુકિયાના આનંદનો પાર રહ્યો નહીં. તરત જ ટીન ટીનની ડોક ઉપર, માથા ઉપર અને પીઠ ઉપર હેતથી હાથ ફેરવવા લાગ્યો.

અડુકિયો કહેઃ “તો બાપુજી! આ મારા ઘોડાને હું કયા નામથી બોલાવું?”

બાપુજીએ કહ્યુંઃ “ટુન ટુન.”

અડુકિયો બોલી પડ્યોઃ “આવ બેટા ટુન ટુન, ટુન ટુન, ટુન ટુ...ન!”

ત્યાં તો મોરની પેઠે ડોકી ઊંચી કરી અને ટપ ટપ, ટપ ટપ પગલાં પાડતો ટુન ટુન આવીને અડુકિયા પાસે ખડો થઈ ગયો.



વાહ ઘોડા વાહ! આવા રૂપાળા અને આવા સમજદાર ઘોડા તો ક્યાંય નથી જોયા.

દડુકિયાએ બે હાથ જોડીને બાપુજીને પ્રણામ કર્યાં.

દડુકિયો કહેઃ “તો હું એક જ કૂદકે મારા ટીન ટીનની પીઠ ઉપર ચડી બેસું છું.”

ત્યાં તો છલાંગ મારીને અડુકિયો પોતાના ટુન ટુનની પીઠ ઉપર ચડી ગયો. પછી કંઈ દડુકિયો વાર લગાડે?

મારી દીધી છલાંગ અને દડુકિયો પણ ટીન ટીનની પીઠ ઉપર બેસી ગયો.

દડુકિયો બોલ્યો: "અડુકિયાભાઈ! હવે દોડાવી મૂકીએ. જોઈએ કે આપણા ટીન ટીન અને ટુન ટુન કેવા'ક દોડે છે!"

આમ કહીને દડુકિયાએ પોતાના ટીન ટીનના પડખામાં જરી પગની એડી મારી અને બોલ્યો કે: ઊપડો બેટા ટીન ટીન.

આમ કહ્યું કે ટીન ટીન ઊપડ્યો.

ટીન ટીન દોડી પડ્યો કે, "ઊપડો બેટા ટુન ટુન" એમ અડુકિયાએ પોતાના ઘોડાને કહીને પડખામાં પગની એડી મારી કે ટુન ટુન પણ દોડી પડ્યો. આગળ આગળ ટીન ટીન અને તેની પાછળ ટુન ટુન, તડામાર દોડી પડ્યા.




એવા દોડ્યા કે જેમ હવામાં તીર જાય તેમ સરસરાટ ગયા.

બાપુજી ઊભા થઈ ગયા અને બૂમ પાડી ઊઠ્યા કે, "ઓ દીકરાઓ....! યાદ રાખજો, એ ટીન ટીન અને ટુન ટુન એમ ઊભા નહીં રહે. તે માટે તમારે બોલવું પડશે કે..."

પણ બાપુજીની એ વાત સંભળાય નહીં એટલે દૂર ઘોડા પહોંચી ગયા હતા. જોતજોતામાં દેખાતા પણ બંધ થઈ ગયા.

બાપુજી ચિંતામાં પડી ગયા અને બોલ્યા કે, "આ છોકરાઓએ ભારે ઉપાધિ કરી. હવે એ ટીન ટીન અને ટુન ટુન એમ ઊભા જ નહીં રહે ને ક્યાંના ક્યાં લઈ જશે."

થયું પણ એવું જ.



ટીન ટીન જાણે કે ટુન ટુનને આગળ થવા દેવાનો નથી એવી રીતે આગળ ને આગળ પૂરપાટ દોડ્યો જાય છે અને ટુન ટુન જાણે કે તેની આગળ નીકળી જવા માગતો હોય એમ પૂરા જોમથી દોડવા લાગ્યો છે. પણ એવા દોડે છે કે ખાડો આડો આવે તો છલાંગ મારીને કૂદી જાય છે. ટેકરી આવે તો સરસરાટ કરતા ચડી જાય છે, પણ અડુકિયા અને દડુકિયાને જરાય થડકો નથી લાગતો. પેટનું પાણી પણ હાલતું નથી.

અડુકિયો બૂમ પાડીને બોલ્યો: "ઓ દડુકિયા... જો તો ખરો! તારો ટીન ટીન તો હવાઈ ઊડે એમ દોડ્યો જાય છે."

દડુકિયો કહે: "અરે, પણ આ જાય છે ક્યાં? મારગ તો ક્યાંય છે જ નહીં."

અડુકિયો કહે: "મને તો એવી મોજ આવે છે કે જાણે મારો ટુન ટુન સાંજ સુધી ભલે દોડતો જ રહે. પછી મોજથી પાછા વળીશું."

પણ આ મોજ આફત બની ગઈ. કલાક, બે કલાક અને ત્રણ કલાક વીતી ગયા.

અડુકિયો થાક્યો અને બોલ્યોઃ “બસ બેટા બસ.”


પણ બેટો ટુન ટુન ઊભો રહ્યો જ નહીં.

દડુકિયાએ બૂમ પાડી કે, “ઓ ભાઈ ટીન ટીન હવે ધીમા પડો. આપણે પાછા જઈએ.”

પર ટીન ટીન સાંભળતો જ નથી અને ઊભો પણ રહેતો નથી.

જેમ લગામ ખેંચે તેમ વધારે તેજ દોડે છે.

દડુકિયો કહેઃ “ભાઈ, આ મારો ટીન ટીન તો વધારે ને વધારે તેજ દોડે છે! ધીમો પડતો જ નથી કે થાકતો પણ નથી.”



અડુકિયો બોલ્યોઃ “ઝટ લગામ ખેંચી ઊભો રાખી દે તારા ટીન ટીનને.”

દડુકિયાએ ઘોડાની ગરદન પર હેતથી ટપલી મારી અને કહ્યુંઃ “વાહ ટીન ટીન વાહ! હવે ઊભો રહે. કેટલે બધે દૂર પહોંચી ગયા એની કંઈ ખબર છે?”


ટીન ટીન ઊભો રહી ગયો. તરત જ તેની પાછળ ટુન ટુન પણ ઊભો રહી ગયો.

મારગ ક્યાંના ક્યાં રહી ગયા છે.

બંને ભાઈ ઘોડાની પીઠ ઉપરથી ઊતરી પડ્યા.

દડુકિયો કહેઃ "હવે આપણે પાછા કઈ બાજુથી જઈશું? કઈ બાજુથી આવ્યા તે પણ ભૂલી ગયા છીએ. મારગ ક્યાં હશે?" આમ વિચાર કરે છે અને ઊભા છે. લીલું લીલું ઘાસ ત્યાં હતું. બંને ઘોડા ચરવા માંડ્યા. થોડે દૂર એક નદી હતી. એવામાં કોઈના રડવાનો અવાજ સંભળાયો.

અડુકિયો બોલ્યોઃ "કોઈ અવાજ સંભળાય છે તને?"



દડુકિયો કહેઃ "કોઈ રડતું હોય એવો અવાજ આ બાજુથી આવે છે."

અડુકિયો કહેઃ "ચાલો, આપણે બૂમ પાડી જોઈએ, એટલામાં કોઈ હશે તો બોલશે. ટીન ટીન અને ટુન ટુન ભલે અહીં ચરતા. આપણે જોઈ આવીએ. કોઈ બોલ્યું નહીં."

બંને ભાઈ ચાલ્યા.

થોડે દૂર ગયા. ત્યાં ઝાડની ઘટા હતી. ત્યાંથી રડવાનો અવાજ સંભળાતો હતો. બંને ભાઈ ધીરે ધીરે ઝાડની ઘટામાં પેઠા. અંદર ગયા કે સડપ થઈ ગયા.

પંદરેક વરસનો એક છોકરો બેઠો બેઠો રડે છે. અડુકિયો અને દડુકિયો પાસે ગયા અને પૂછ્યું કે, "ભાઈ, તું કેમ રડે છે? આવા જંગલમાં તું ક્યાં અહીં આવ્યો?"

આમ કહીને અડુકિયો અને દડુકિયો તેની પાસે બેસી ગયા. છોકરો એવો રડવા માંડ્યો કે બસ...

દડુકિયો કહેઃ "ભઈલા, તું રડીશ નહીં. તને શું થયું છે તે કહે. અમે તને સહાય કરીશું. તું જરાય ગભરાઈશ નહીં."

છોકરો કહેઃ "હું અને મારા બાપુ હરિનગરથી આવતા હતા. મોતીનગર અમારે જવું હતું. આવતાં આવતાં અહીં પહોંચી ગયા. ભાથું ખાવા બેઠા. પેલી જગાએ નદી છે ત્યાં મારા પિતાજી પાણી લેવા ગયા. ત્યાં કોઈ જબરો વાઘ બેઠો હશે. તેણે મારા બાપુને પછાડી દીધા. ગળું પકડીને ખેંચી ગયો."

અડુકિયો-દડુકિયો કહેઃ "અરરર, કેટલી વાર થઈ?"

છોકરો કહેઃ "થોડી જ વાર થઈ હશે."



અડુકિયો અને દડુકિયો તેની પાસે બેસી ગયા.

અડુકિયો કહેઃ "દુઃખ આવી પડે ત્યારે રડવા ના બેસીએ. કંઈ ઉપાય કરીએ."

છોકરો કહેઃ "હું શું ઉપાય કરું?"

દડુકિયો કહેઃ "તો હમણાં જ અમે શોધી લાવીએ. તું અહીં બેસ."

છોકરો ત્યાં બેઠો. અડુકિયો અને દડુકિયો વાઘ જોવા ચાલ્યા. નદીને કિનારે ગયા. નદીને ફરતી ઝાડી હતી. કિનારે ગયા તો નદીમાં છબ, છબ ખળભળાટ થાય છે. જોયું તો કોઈ બાઈ પાણીમાં હાથ ધૂએ છે. અડુકિયો અને દડુકિયો ત્યાં ગયા. જોયું તો એક ડોશીમા દેખાયાં.



દડુકિયે હાથ જોડ્યા અને કહ્યુંઃ "પ્રણામ માજી!"

ડોશી કહેઃ "કોણ છો ભાઈ?"

દડુકિયો કહેઃ "રખડતા ભટકતા આવી ચડ્યા છીએ."

ડોશી કહેઃ "બધે જાજો પણ પેલી બાજુ ના જશો."

દડુકિયો બોલ્યોઃ "માજી, માજી, અહીં ક્યાંય વાઘ હતો કે? એક મુસાફરને ઉઠાવી ગયો છે."

ડોશીમા બોલ્યાંઃ "બેટા, મેં એટલા માટે જ કહ્યું કે નદીની એ બાજુ ના જશો. એ વાઘ તો ગાલુ જાદુગરનો છે. જો પેલી ટેકરી દેખાય... એ ટેકરી ઉપર રહે છે. એનો પાળેલો વાઘ છે. રોજ એક માણસને એ મારે છે. તમે હવે પાછા જાઓ."

અડુકિયો અને દડુકિયો કહેઃ "માણસને મારી નાખે એવા વાઘને પળાય નહીં. એ પાપી કોણ છે? એને દયા નથી આવતી? અમે તો જઈશું. અમારે એક મુસાફરનું મડદું પાછું લાવવું છે. એ વાઘ

એક ગરીબ મુસાફરને લઈ ગયો છે અને તેનો દીકરો બેઠો બેઠો રડે છે. કોણ છે એ ગાલુ જાદુગર? અમે એને મળીશું.”

ડોશીમા કહેઃ “રહેવા દો બેટા, ટેકરી પર જશો તો તમનેય મારી નાખશે. ગાલુ ઘણો ખોટો છે.”

અડુકિયો-દડુકિયો બોલ્યાઃ “ખોટો હોય તો ભલે હોય. અમે ખોટા-બોટાથી નથી બીતા.”

આમ કહીને બંને ભાઈ ચાલી નીકળ્યા. ટેકરી ઉપર ચડ્યા. જઈને જોયું તો ટેકરી પર વાઘ બેઠો છે અને પેલા મુસાફરનું મડદું ત્યાં પડ્યું છે. સામે જ એક ઝૂંપડી છે. તેમાં બેઠો છે ગાલુ જાદુગર.



ગાલુ જાદુગર બડો ભભકાદાર છે. તેને જોતાં જ અડુકિયો અને દડુકિયો ઊભા રહી ગયા.

ત્યાં તો ગાલુએ પણ બંને ભાઈને જોયા. તીણી આંખ કરીને જોયું.

ગાલુએ બૂમ પાડીઃ “ઓ... બે... કોણ છો? કેમ આવ્યા?” ત્યાં તો વાઘ ઘૂરક્યો.

ગાલુ બોલ્યોઃ “બસ બેટા, આવવા દે. જોઉં કે કોણ છે એ? કેમ આવ્યા છે અહીં?”

અડુકિયો અને દડુકિયો ગાલુ જાદુગર પાસે ગયા. પ્રણામ કર્યા.

ગાલુ કહેઃ "કેમ આવ્યા?"

અડુકિયો બોલ્યોઃ "અરરર! આવા વાઘ કોઈ પાળતું હશે? બિચારા એક ગરીબ મુસાફરને મારી નાખ્યો. આ મડદું એનું જ છે."

અડુકિયો કહેઃ "જરા જુઓ. એ જીવતા હોય તો એને બચાવો."

ગાલુ કહેઃ "કેમ? તમારે શું છે?"

દડુકિયો કહેઃ "એનો છોકરો બેઠો બેઠો રડે છે. તો અમને દયા ના આવે?"

ગાલુ કહેઃ "તમેય ઝટ ભાગી જાઓ. નહીં તો અમારો વાઘ તમનેય ફાડી ખાશે."

અડુકિયો કહેઃ "પણ અમને આ મડદું આપી દો. અમે લઈ જઈએ."

આમ કહીને બંને ભાઈએ પ્રણામ કર્યા.



ગાલુ કહેઃ "નહીં મળે, જીવતું હોય કે ભલે મડદું હોય."

દડુકિયો કહેઃ "હવે આપો ને ભાઈસાબ! આવા વાઘ તમે ના પાળો. લોકોને મારી નાખે છે. એ વાત બહુ ખોટી છે."


ગાલુએ આંખના ડોળા લાલ કર્યા અને બોલ્યોઃ "ખોટા-સાચાવાળી છોકરી... ભાગ અહીંથી."

દડુકિયો બોલ્યોઃ “કોઈ છોકરી પણ આવો વાઘ ના પાળે અને કોઈના જીવ ના લે. આવા કેવા પાપી છો?”

એટલું બોલ્યો કે ગાલુને રીસ ચડી ગઈ. એકદમ કડક થયો. અડુકિયા અને દડુકિયાનાં ગળાં પકડ્યાં. પકડીને જોરથી ખેંચી ગયો. ઝૂંપડીમાં લઈને પટકી દીધા.

અડુકિયો બોલ્યોઃ “અરે ભાઈસાબ, અમને તમે શીદ પકડો છો?”

ગાલુ જાદુગર કહેઃ “નક્કી તમે મારા શત્રુ છો. આમ ટેકરી પર આવ્યા જ કેમ? કોઈથી આ ટેકરી પર અવાય નહીં.”



દડુકિયો કહેઃ “અમે તો કોઈના શત્રુ નથી. અમને છોડી દો. અમે હમણાં જ જતા રહીશું.”

ગાલુ જાદુગર આંખોના ડોળા ફરકાવીને કહેઃ “જા જા ટબૂકિયા, હું એમ છોડું નહીં. તમને અહીં કોણે મોકલ્યા?”

અડુકિયો કહેઃ “અમને કોઈએ નથી મોકલ્યા.”

ગાલુ બોલ્યોઃ “જૂઠું ના બોલો. હું છું ગાલુ જાદુગર. ખોટું તો એક પળમાં પકડી પાડું.”

દડુકિયો બોલ્યોઃ “ખોટાને ખોટું ઝટ મળી જાય.”

ગાલુ જાદુગરને ચડી ગઈ રીસ. ફડાફડ, ફડાફડ માંડ્યો તમાચા મારવા. ચાર-છ લાફા લગાવી દીધા, પણ અડુકિયો અને દડુકિયો જરાય રડ્યા નહીં. બૂમો પાડી નહીં. એ જોઈને ગાલુ જાદુગર નવાઈ પામ્યો. ઘડીક ચૂપ થઈ ગયો.



દડુકિયો ગુસ્સાથી બોલ્યોઃ "કેમ અટકી ગયા? મારો, હજી વધારે મારો. અમે મરી જઈશું પણ રડવાના નથી."

ગાલુ જરા હસ્યો.

દડુકિયો કહેઃ "હસો, તમતમારે હસો."

ગાલુ જરા નજીક ગયો. અડુકિયા-દડુકિયાને ધ્યાનથી જોયા.

તેણે કહ્યુંઃ "નક્કી તમને મણિસેને મોકલ્યા હશે. બોલી દો. ક્યાં છે એ મણિસેન? હું એને જાનથી મારી નાખીશ."

દડુકિયો કહેઃ "દાદા, અમે તો એ મણિસેન-ફણિસેનને જરાય ઓળખતા નથી."

અડુકિયો બોલ્યોઃ "મણિસેન વળી કેવો?"

ગાલુ બોલ્યોઃ "નથી ઓળખતા એને?"

દડુકિયો કહેઃ "ના."

ગાલુ જાદુગરે બંને ભાઈની ગળચી પકડી. ઘસડીને બીજા એક અંધારિયા ખૂણામાં લઈ ગયો. ત્યાં પટકી દીધા. વાગ્યું તો ઘણું પણ ચૂપ રહ્યા. ત્યાંથી ગાલુ જાદુગર ઝપાટાભેર બહાર જતો રહ્યો.

દડુકિયો કહેઃ "ભાઈ અડુકિયા, વાત ભારે લાગે છે. કોઈ મણિસેન નામનો માણસ હશે. તેને અને આ ગાલુ જાદુગરને વેર હશે. બંને લડતા હશે."

અડુકિયો બોલ્યોઃ "એમ જ લાગે છે પણ હવે છૂટીશું કેમ કરીને?"

દડુકિયો કહેઃ "છૂટીશું તો ખરા જ પણ એ મણિસેનની વાત જાણવી જોઈએ."

ત્યાં દડુકિયો પાસેની ભીંત સામે જોઈ રહ્યો. ભીંતમાં એક કાણા જેવું દેખાયું.



અડુકિયો બોલ્યોઃ "શું છે ત્યાં?"

દડુકિયો કહેઃ "ગોળ ગોળ કાણું છે."

અડુકિયો કહેઃ "જરા જો તો ખરો!"

દડુકિયો ત્યાં ગયો. એ કાણા પર આંખ રાખીને જોયું. તો પેલી બાજુ કશુંક દેખાયું.


દડુકિયાએ અડુકિયાને કહ્યુંઃ "ભઈ, જો તો ખરો! કોણ માણસ દેખાય છે?"

અડુકિયે જોયું. ખરેખર એમ જ હતું. બરાબર જોયું.

દડુકિયો બોલ્યોઃ "કોઈ બેઠું છે. અંધારામાં બરાબર દેખાતું નથી."

ફરી અડુકિયે જોયું. અડુકિયો ઓળખી ગયો. એ તો ગાલુ જાદુગર પોતે હતો, ત્યાં શું કરતો હશે? બંને ભાઈ કાણામાંથી જોવા લાગ્યા.

મોટી એક પેટી હતી. લોઢાની જ હશે. તેને મોટું બધું તાળું વાસેલું. ગાલુ જાદુગરે એ તાળું ઉઘાડ્યું. પેટીમાંથી એક મોટો કરંડિયો બહાર કાઢ્યો. કરંડિયામાં એક સાપ પડ્યો હતો. ઘડીક તો ગાલુ જાદુગરે એ સાપને જોયો. હાથમાં પકડીને જરા ઊંચો કર્યો. સાપ તો નથી હાલતો કે ડોલતો. કપડાંનો વીંટો કર્યો હોય એવો થઈ ગયો છે.



આ સાપમાં જરાય જીવ નથી. અડુકિયો અને દડુકિયો નવાઈ પામી ગયા.

અડુકિયો કહેઃ "ચૂપ રહેજે. શું કરે છે તે જોઈ લઈએ."

દડુકિયો કહેઃ "ભાઈ, ટોપલામાં સાપ છે હોં! પણ મરેલા જેવો દેખાય છે. મરેલો સાપ કેમ રાખી મૂક્યો હશે?"

અડુકિયો કહેઃ "બોલીશ નહીં. જોવા દે કે શું કરે છે!"

ઘણી વાર સુધી ગાલુ જાદુગરે સાપને જોયો. ફેરવ્યો અને પાછો મૂકી દીધો. પેટીમાં મૂકીને તાળું વાસી દીધું. ત્યાંથી પાછો જતો રહ્યો. અડુકિયો અને દડુકિયો બધું જોવા લાગ્યા. એક તો પેટી છે, બીજું ત્યાં કંઈ દેખાતું નથી.

ગાલુ જાદુગર ફરીને અડુકિયા-દડુકિયા પાછળ આવી ગયો. જોયું તો અડુકિયો અને દડુકિયો પેલા કાણામાંથી જોઈ રહ્યા છે. એ જોતાં જ ગાલુભાઈને રીસ ચડી ગઈ.

બૂમ પાડીને તેણે કહ્યું: "હા બેટાઓ, જોઈ રહ્યા છોને? હમણાં જ તમારી વલે કરું છું. હમણાં જ તમને મઝા ચખાડું છું. જીવતા છોડીશ જ નહીં. જીવતા રહેશો તો પાછા જશોને! પાછા જશો તો મણિસેનને બધી વાત કહેશોને! પાછા જવા જ નહીં દઉં. ભલેને જોઈ ગયા. હવે વધારે જોઈ લો."



અડુકિયો અને દડુકિયો ચૂપ થઈ ગયા. ત્યારે ફસાયા.

ગાલુ બોલ્યો: "શું જોયું તમે?"

દડુકિયો કહે: "અંધારામાં કશું દેખાતું નથી."

ગાલુએ તડાતડ કરતાં બે તમાચા મારી દીધા.

અડુકિયો અને દડુકિયો થીજી ગયા.

ગાલુ બોલ્યો: "રડતા પણ નથી કેમ? તો હવે જુઓ મઝા."

આમ કહીને ગાલુએ હોઠ પીસ્યા. દાંત કટકટાવ્યા.

ગાલુ જાદુગર તરત પાછો ગયો. થોડી જ વારમાં દોરડું લઈને પાછો આવ્યો.

અડુકિયા-દડુકિયાને કહે: "ચાલો, હાથપગ બાંધીને લટકાવી દઈશ. પછી નીચે આગ સળગાવીશ. શેકાઈને મરી જશો."

એ તો માંડ્યો દોરડું બાંધવા. અડુકિયા-દડુકિયામાં એટલું બળ

ન મળે. ગાલુ જાદુગર તો ભારે બળવાન. એના હાથમાંથી છુટાય પણ નહીં. એણે તો કચકચાવીને બાંધી દીધા.

અડુકિયાએ ગાલુ જાદુગરને કહ્યું: "દાદા, તમે કહો તેમ કરીએ. અમને બાળશો નહીં."

ગાલુ જાદુગર તો ખરેખરો ચીડાઈ ગયો હતો. એણે અડુકિયા અને દડુકિયાની વાત માની નહીં. એણે તો બળતી સગડી લઈને અડુકિયા-દડુકિયાની નીચે મૂકવા માંડી.



દડુકિયાએ કહ્યું: "દાદા, તમે ખાતરી તો કરો કે અમે કોણ છીએ? તમે ભૂલો છો. અમે અહીં શા માટે આવ્યા તેનો વિચાર કરો. અમે તમારા શત્રુના માણસ નથી. અમે કોઈ મણિસેનને ઓળખતા નથી."

ગાલુ બોલ્યો: "એ વાત હવે હું માનું નહીં. એ મણિસેને જ તમને મોકલ્યા છે."

અડુકિયો કહે: "ના ભાઈસાબ ના. અમને કોઈએ મોકલ્યા નથી. અમે તો પેલા છોકરાના બાપને શોધવા આવેલા."

ગાલુ બોલ્યો: "તમે હજાર ના કહો પણ અમે જાણ્યા વિના ના રહીએ. તમારા જેવા કેટલાને એ મણિસેને મોકલ્યા છે. એ બધાની અમે ચટણી બનાવી દીધી છે. તમે મારા સાપનો ટોપલો લેવા આવ્યા હતા. પેલો મણિસેન મારો શત્રુ છે. તેણે જ તમને મોકલ્યા હતા. હું બરાબર જાણું છું."

દડુકિયો કહે: "ના ના, દાદા! અમે તો એ મણિસેનને જાણતા જ

નથી. તમે ખાતરી કરો. એક છોકરો પેલા કિનારે બેઠો છે. તમારા વાઘે એના બાપને મારી નાખ્યો. તે બહુ રડતો હતો, તેથી અમે તેના બાપનું મડદું લેવા અહીં આવ્યા."

ગાલુ જાદુગર કહેઃ "ઊભા રહો. હું જોઈ આવું."



ગાલુ જાદુગરે બળતી સગડી પાછી મૂકી દીધી. પોતાના વાઘને બૂમ પાડી કે, બેટા સૂરજ...! ત્યાં તો ઘૂઘવાટા કરતો વાઘ આવ્યો. વાઘનું નામ સૂરજ હતું. ફટ દઈને ગાલુ જાદુગર વાઘ ઉપર ચડી બેઠો. 'ચલ બેટા' કહ્યું કે, વાઘ માંડ્યો ભાગવા.

દડુકિયો કહેઃ "અરે...!"

અડુકિયો બોલ્યોઃ "એમાં નવાઈ નથી. આપણા મનના બળથી બધાં જાનવર વશમાં થઈ શકે છે. એની એક વિદ્યા છે. એ વિદ્યા આવડે તો વાઘ, સિંહ, સાપ બધા આપણા વશમાં થઈ જાય. એ વિદ્યાનું નામ ત્રાટક વિદ્યા અથવા હિપ્નોટિઝમ.

દડુકિયો કહેઃ "તો તો આપણેય એ શીખી લઈએ. પછી બધા વાઘને આપણે પાળી લઈએ."

અડુકિયો કહેઃ "બધા વાઘ એથી વશ ન થાય. આપણામાં મનનું જેટલું બળ હોય તેટલા બળવાળાં પ્રાણી વશ થાય છે. ઓછું બળ હોય તો નાનાં જાનવર ઉપર અસર પડે છે. એમ બાપુજી કહેતા હતા. એ જાદુ વિદ્યા પણ કહેવાય છે. જો તો, વાઘ કેવો જાય છે!"